# મેઘરજના મોટી મોયડી ગામે કુવામાં પડી જતા ૧૨ વર્ષીય બાળકનુ મોત

મેઘરજ, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના મોટી મોયડી ગામે ખેતરના કુવા પર મોટર ચાલુ કરવા પીવડાવવા માટે ખેતરમાં ગયા હતા અને પાણી માટે ખેતરમાં કુવા ઉપર મોટર ચાલુ કરવા જતા બંને દીકરામાંથી મોટા દીકરા ડુબેલ સુમિતને બહાર કાઢી તાત્કાલીક ૧૦૮ ધ્વારા સારવાર અર્થે મેઘરજની ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં હાજર



જતા પગ લપસતા ૧૨ વર્ષીય કીશોર કુવામાં પડતા મોત નીપજતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ ફેલાયો છે.

મોટી મોયડી ગામના ભરતભાઈ કાળુભાઈ ખાંટને સંતાનમાં બે દીકરા છે હીતેશ અને સુમિત. આ બંને દીકરાઓ મંગળવારના રોજ સવાર ખેતરમાં બાંધેલ પશુઓને પાણી સુમિતનો પગ એકાએક લપસી જતા સુમિત કુવામાં પડ્યો હતો અને સુમિત કુવામાં પડતા નાનો હીતેશ દોડતો દોડતો ઘરે પહોંચ્યો હતો અને ઘરે જઈ પરીવારજનોને જાણ કરતા પરીવારજનો તાબડતોડ કુવા ઉપર પહોંચ્યા હતા અને ૧૦૮ને પણ જાણ કરી દીધી હતી. પરીવારજનોએ કુવાના પાણીમાં તબીબે સુમિતને મૃત જાહેર કરતા પરીવારજનો પર આભનુ વાદળ ખડકાયુ હતુ અને મૃતકના દાદા કાળુભાઈ ભેમાભાઈ ખાંટે મોત અંગેની જાણ મેઘરજ પોલીસને કરતા મેઘરજ પોલીસે એડી નોંધી મૃતક સુમિત ભરત ખાંટ ઉ. આ.૧૨ રહે. મોટીમોયડીને પીએમ અર્થે મોકલી આપી આગળની વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા કર્મચારીઓ દ્વારા યોજાતા નવરાત્રીના ગરબામાં ભાગ લઈ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરી)એ ખૈલેયા મહિલા કર્મચારીઓને ડબ્બાની ગિફ્ટ આપી હતી તે પ્રસંગની તસવીર.

# ૮૦ ટકાથી ઓછી હાજરી તો પરીક્ષામાં બેસવાની તક નહીં

ગાંધીનગર, તા. ૧૬

શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૬૫ ટકા કરતાં ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ પરીક્ષા ન આપી શકે તે નિયમને હવે શિક્ષણ બોર્ડે વધુ કડક બનાવ્યો છે. હવેથી આગામી માર્ચ ૨૦૧૯માં લેવાનારી બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની હાજરી શાળામાં ૮૦ ટકા ફરજિયાત કરાઈ છે. તેનાથી ઓછી હાજરી ધરાવનારા વિદ્યાર્થીઓ હવે બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં. જો કે, શિક્ષણ બોર્ડે હાજરીના નિયમને વધુ કડક બનાવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ નારાજગી ફેલાઈ છે. વિદ્યાર્થી અને વાલીઓમાં બોર્ડના આ નિર્ણયને હળવો કરવાની માંગ પણ ઉઠી રહી છે. બોર્ડ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેના હાજરીના નિયમોમાં આ વર્ષથી ફેરફાર કરાયા છે. વિદ્યાર્થીઓની ફરજિયાત ૮૦ ટકા હાજરી થાય તો જ પરીક્ષામાં બેસવા દેવાશે.

# રૂપાણી માફી નહી માંગે તો બે સપ્તાહમાં ક્રિમીનલ કેસ દાખલ કરાશે

અમદાવાદ,તા.૧૬

બિહારના પ્રભારી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે ક્રિમિનલ કેસ તથા નુકસાની વળતરનો દિવાની દાવો કરવા આજે ચેતવણી આપી હતી. રૂપાણીએ ગઈકાલે જ કોઈપણ આધાર વગર મિડિયા સમક્ષ પરપ્રાંતિયો પર થયેલા હુમલા માટે શક્તિસિંહ ગોહિલને જવાબદાર ઠેરવ્યા હતા.

શક્તિસિંહે કહ્યું હતું કે, યુવાનોને રોજગારી મળી રહી નથી. નોટબંધી અને જીએસટીના કારણે બેરોજગારી વધી છે. મુખ્યમંત્રી રૂપાણીએ પરપ્રાંતીયો પર થયેલા હુમલા પાછળ કોંગ્રેસના નેતાઓ હોવાનો આરોપ મુક્યો હતો. જેને પગલે આજે ભૂતપૂર્વ નેતા વિપક્ષ અને બિહાર કોંગ્રેસના પ્રભારી શક્તિસિંહ ગોહિલે ટ્વિટ કરીને કહ્યું છે કે, જો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ મામલે માફી નહીં માંગે તો તેઓ ગુજરાતના મુખ્યમંત્રી સામે બે સપ્તાહમાં ક્રિમિનલ અને બદનક્ષીનો સિવિલ સ્યૂટ દાખલ કરશે. રૂપાણીએ આડકતરી રીતે શક્તિસિંહ ગોહિલ અને અલ્પેશ ઠાકોર પર હુમલાઓ માટે ષડયંત્ર રચવાનો આક્ષેપ કર્યો હતો. જેને પગલે આજે શકિતસિંહ ગોહિલે તીખી પ્રતિક્રિયા આપી મુખ્યમંત્રીને ખુલ્લી ચીમકી આપી હતી.

આ મામલે શક્તિસિંહે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, જો મારી સામે લેશ માત્ર પુરાવો હોય તો મને જેલમાં મોકલો. આ ઘટના બની ત્યારે હું બિહારમાં હતો. આ અંગે જાણ થતાં જ મેં શાંતિની અપીલ કરી હતી. મેં કહ્યું ગુજરાત મહાત્મા ગાંધીની જન્મભૂમિ છે અને બિહાર મહાત્મા ગાંધીની કર્મભૂમિ છે. આ એક અતૂટ સંબંધ છે અને કોઈ છૂટક ઘટના બને તો આ અમારા માટે શરમની વાત છે.

ગુજરાતના મુખ્યમંત્રીએ કહ્યા પછી આજે સમાચાર આવ્યા છે કે, ઉત્તર ભારતીયો પર થયેલા હુમલા માટે શક્તિસિંહ જવાબદાર છે. જો ગુજરાતના મુખ્યમંત્રી માફી નહીમાંગે તો તેની સામે બે અઠવાડીયામાં ક્રિમિનલ કેસ અને બદનક્ષીનો સિવિલ સ્યૂટ દાખલ કરીશ. તાજેતરમાં જ મુખ્યમંત્રી વિજય રૂપાણી બે દિવસની ઉત્તર પ્રદેશની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેઓ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળ્યા હતા અને તેમને સ્ટેચ્યૂ ઓફ યુનિટિના અનાવરણ કાર્યક્રમમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું હતું. આ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા તેમણે અલ્પેશ ઠાકોર અને શક્તિસિંહ ગોહિલનું નામ લીધા વગર તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ પરપ્રાંતિયો પર હુમલા પાછળ આ બંને નેતાઓનો હાથ હોવાનો પણ આરોપ મુક્યો હતો. રૂપાણીએ કહ્યું હતું કે, કોંગ્રેસના એક ધારાસભ્યએ હુમલાઓનું કાવતરું રહ્યું હતું. ચાર રાજ્યમાં ચૂંટણી આવી રહી છે,

## ગુજરાત : સ્વાઈન ફ્લુથી વધુ બે મૃત્યુ, ૧૭ નવા કેસો થયા

અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં સ્વાઈન ફ્લુનો આતંક જારી રહ્યો છે. આજે વધુ બેના મોત થયા હતા અને નવા ૧૭ કેસ સપાટી ઉપર આવ્યા હતા. નવા ૧૭ કેસ સપાટી ઉપર આવતા કુલ કેસોની સંખ્યા વધીને ૧૪૨૮ સુધી પહોંચી ગઈ છે. ૨૮૮ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. મોટી સંખ્યામાં દર્દીઓ સ્વસ્થ થઈ ચુક્યા છે અને તેમને રજા પણ આપી દેવામાં આવી છે. સ્વાઈન ફ્લુના કારણે સપ્ટેમ્બર બાદથી મોતનો આંકડો વધીને ૩૮ ઉપર પહોંચી ચુક્યો છે. હજુ પણ મોટી સંખ્યામાં લોકો સારવાર હેઠળ છે. આજે જે કેસો નોંધાયા હતા તે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં છ, વડોદરામાં ચાર કેસ નોંધાયા હતા. અરવલ્લીમાં બે કેસો નોંધાયા હતા. સ્વાઈન ફ્લુના કારણે મોતની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૬ લોકોના મોત થયા છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના ૬૧૩ કેસ નોંધાઈ ચુક્યા છે. મોટી સંખ્યામાં દર્દી અમદાવાદમાં પણ સારવાર હેઠળ છે. સ્વાઈન ફ્લુના કારણે ભારે હાહાકાર મચેલો છે. દરરોજ નવા નવા કિસ્સા સપાટી ઉપર આવી રહ્યા છે. આજે કુલ ૧૭ નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ કુલ કેસોની સંખ્યા વધીને ૧૪૨૮ સુધી પહોંચી હતી. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના સૌથી વધુ ૬ કેસ સપાટી ઉપર આવ્યા હતા. અમદાવાદમાં પહેલી સપ્ટેમ્બર બાદથી સ્વાઈન ફ્લુથી ૧૬ના મોત થઈ ચુક્યા છે. પહેલી સપ્ટેમ્બર બાદથી અમદાવાદમાં સ્વાઈન ફ્લુના સૌથી વધુ ૬૧૩ કેસ નોંધાઈ ચુક્યા છે. અમદાવાદમાં મોતનો આંકડો સપ્ટેમ્બર બાદથી ૧૬ ઉપર પહોંચી ચુક્યો છે. અમદાવાદમાં મોતનો આંકડો વધુ હોઈ શકે છે. સ્વાઈન ફ્લુને લઈને માહિતી છુપાવવામાં આવી રહી છે.



અમદાવાદની નવરંગ સ્કેટીંગ રીંગ ખાતે રોલબોલની રમતની અન્ડર-૧૧ તથા સિનિયર કેટેગરી માટે રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરાયું હતું. આ સ્પર્ધામાં અન્ડર-૧૧ કેટેગરીમાં બોયઝ અને ગર્લ્સ બંને વિભાગમાં અમદાવાદ જિલ્લાની ટીમ વિજેતા બની છે. બોયઝમાં સુરત ગ્રામ્યની ટીમે દ્વિતિય અને સુરત શહેરની ટીમ તૃતીય ક્રમે વિજેતા બન્યાં હતા જ્યારે ગર્લ્સમાં ગાંધીનગરની ટીમ દ્વિતિય સ્થાને અને સુરતની ટીમ તૃતીય સ્થાને વિજેતા બની હતી.



**કાંકરેજ તાલુકાના આકોલી ગામે મુરલીધર સીડ્સ પ્લાન્ટનું ઉદઘાટન**

દેવદરબાર જાગીર મઠ ૧૦૦૮ મહંત બળદેવનાથ બાપુના હસ્તે કરાયું હતું અને આશીર્વાદ આસોદર મહંત શ્રી ૦૦૮ રેવાપુરી બાપુએ આપ્યા હતા ત્યારે મુરલીધર સીડ્સના ભરતભાઈ પટેલ (દશેલા, ગાંધીનગર) સવદાસભાઈ પટેલ, મહાદેવભાઈ આર. પટેલ, દઝાભાઈ આર. પટેલ, દુરગેશભાઈ એસ. પટેલ તેમજ ભગવાનભાઈ જેવતભાઈ પટેલ આકોલીવાળાએ ખેડૂતો માટે સરળતાથી કપાસનું બિયારણ ખરીદવા માટે મુરલીધર સીડ્સ પ્રોસેસિંગ પ્લાટની નવચંડી યજ્ઞનું આયોજન કરી કર્યું હતું. નવલી નવરાત્રીના આસો સુદ સાતમને મંગળવારે સવારે સવા નવ વાગ્યે શુભ કાર્ય કર્યુ હતું અને મોટી સંખ્યામાં ખેડૂતો અને રાજકીય નેતાઓ તેમજ સંબંધીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આમ શિહોરી દિયોદર હાઈવે રોડ ઉપર મુરલીધર સીડ્સ પ્રોસેસિંગ પ્લાન્ટનું શુભ મુહૂર્ત કરાતાં ખેડૂતો માટે ખુશીની લહેર જોવા મળી હતી.

# બેંક ઓફ બરોડા દ્વારા કિસાન દિવસ અને બરોડા કિસાન પખવાડાની ઉજવણી

વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી પ્રસંગે બેંક ઓફ બરોડાએ બરોડા કિસાન દિવસનું આયોજન કરવાનું નક્કી કરેલ છે અને તેના ભાગરૂપે બરોડા કિસાન પખવાડા અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન આ સમય દરમિયાન કરવાનું નક્કી કર્યું છે.

આ પખવાડિયાની ઉજવણીનો મુખ્ય હેતુ આપણા કિસાન મિત્રોનો ઉત્સાહ વધારવાનો છે અને તેમને અમારી બેંક દ્વારા અપાતી વિવિધ યોજનાઓ અને નાણાંકિય સહાય વિષે માહિતગાર કરવાનો છે. અમદાવાદ ઝોનની બધી જ ગ્રામીણ તેમજ અર્ધશહેરી શાખાઓ ઓછામાં ઓછી ત્રણ ગ્રા સભાઓ રાત્રિ ચોપાલનું આયોજન કરશે.

બેંક ઓફ બરોડાના અમદાવાદ ઝોનના ઝોનલ હેડ તથા જનરલ મેનેજર કે.વી. તુલસી બાગવાલેએ પત્રકારોને સંબોધતા કહ્યું કે મહેસાણા ક્ષેત્રના પાલનપુર શહેરમાં અમારી બેંકના એમડી અને સીઈઓ પી.એસ. જયકુમારની ઉપસ્થિતિમાં ૧૭ ઓક્ટોબરના દિવસે એક મેગા કિસાન મેળાનું આયોજન કરવામાં આવશે. આઈ પ્રસંગે અમે બેંકની વિવિધ યોજનાઓ, સેલ્ફહેલ્પ ગ્રુપ એ અમારા ગ્રાહકોના ઉત્પાદનોનું એક પ્રદર્શન યોજવામાં આવશે. અમે તે દિવસે રૂ. ૪૦૦ કરોડની લોન વિતરણનો લક્ષ્ય રાખેલ છે.

અમદાવાદ ઝોનના સાતેય રીજીયન જે અમદાવાદ, આણંદ, ભૂજ, ગાંધીનગર, જામનગર, મહેસાણા અને રાજકોટ પણ પાંચ કિસાન મેળાનું આયોજન લોનના વિતરણ માટે શાખાઓના સમૂહમાં આયોજન કરશે. અમારા આણંદ અને ખેડા જિલ્લાના એલડીએમ પણ જિલ્લાકક્ષાએ કિસાનો અને સામાન્ય નાગરિકો માટે નાણાંકિય સાક્ષરતા માટે કિસાન મેળાનું આયોજન પ્રસંગે બધાજ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ, જિલ્લા વિકાસ અધિકારીઓ નાબાર્ડ અને બીજા જિલ્લા કક્ષાના અધિકારીઓને પણ આ મેગા ઈવેન્ટસમાં આમંત્રિત કરવામાં આવ્યા છે.

# મોડાસામાં સંત રાજિન્દરસિંહજી મહારાજનો સત્સંગ કાર્યક્રમનું ભવ્ય આયોજન

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લામાં મોડાસા નજીક આગામી ૨૨મી ઓક્ટોબર, સોમવારે સાંજે ૬ કલાકથી ભવ્ય સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વભરમાં ૨૫ લાખથી વધુ સત્સંગીઓના વૈશ્વિક આધ્યાત્મિક સંત રાજિન્દરસિંહજી મહારાજનું ૨૦ વર્ષ પછી મોડાસા અને અરવલ્લીના આંગણે બીજીવાર આગમન થતું હોઈ ગાજણ જ નહીં, મોડાસા, અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓના ગામેગામ સત્સંગના પુણ્ય અવસરનો લ્હાવો લેવાનો એક સ્વયંભુ ઉમંગ લોકોમાં હિલોળા લઈ રહ્યો છે.

આજે મોડાસા પત્રકાર પરિષદને સંબોધતા સાવન કૃપાલ રુહાની મિશન, ગુજરાતના ઝોનલ ઈન્ચાર્જ લલિતભાઈ કનોજીયાએ જણાવ્યું કે સંત રાજિન્દર સિંહજી મહારાજનો આ વિસ્તારમાં સત્સંગ કાર્યક્રમ થાય છે તે એક ગૌરવની વાત છે. જેમના સત્સંગ વિશ્વભરમાં જાણીતા છે અને વિશ્વમાં જેમના ૨૫ લાખથી વધુ સત્સંગીઓ છે તેવા સંત રાજિન્દરસિંહજી મહારાજ ૨૨મી ઓક્ટોબરે સાંજે ૬ વાગે હાઈવે ઉપર ગાજણ પાટીએ સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં



આવ્યું છે. અંદાજે ૭૦ હજારથી વધુ સત્સંગીઓ જોડવાના હોવાથી તેને અનુલક્ષીને વિશાળ શામિયાણો ઉભો કરવામાં આવી રહ્યો છે, સઘળી તડામાર તૈયારીઓ થઈ રહી છે.

લલિતભાઈએ વધુમાં જણાવ્યું કે સંત રાજિન્દર સિંહજી મહારાજ સમગ્ર એશિયા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, યુરોપ,આફ્રિકા,ઓસ્ટ્રેલિયા અને ઓશેનીયામાં આધ્યાત્મિક સત્સંગ યોજેલ છે તેમને દુનિયાભરના કેટલાંક પુરસ્કાર અને સમ્માન પ્રાપ્ત થયા છે જેમાં ૫ માનનીય ડૉક્ટરેટ્સનો પણ સમાવેશ થાય છે. સાવન કૃપાલ રુહાની મિશનના સંપૂર્ણ વિશ્વમાં ૨૮૦૦થી વધુ કેન્દ્રો સ્થાપિત છે અને આ મિશનનું આધ્યાત્મિક સાહિત્ય વિશ્વની ૫૫થી વધુ ભાષાઓમાં પ્રકાશિત થયેલું છે.

મોડાસા અને અરવલ્લી જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાની પત્રકાર પરિષદમાં ઉપસ્થિત પત્રકારો વતી પીઢ પત્રકાર પ્રભુદાસભાઈ પટેલે પ્રતિભાવ આપતા આત્માની ઓળખ માટે આવા અધ્યત્મિક સત્સંગનો કાર્યક્રમ આ જિલ્લામાં અને મોડાસા-ગાજણના આંગણે યોજાઈ રહ્યો છે તે આ જિલ્લા માટે મોંઘેરો અવસર છે અને ધર્મ અને સત્સંગ પ્રેમી જનતા માટે રૂડો ખુશીનો પ્રસંગ છે તેમ જણાવી આત્માની ઓળખ કરાવનાર આવા આત્મજ્ઞાની સંતના સત્સંગ કાર્યક્રમના આયોજનને આવકાર્યો હતો.આ પ્રસંગે મિશન સાથે સંકળાયેલા ચિરાગભાઈ પંચાલ, વિનોદભાઈ દરજી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વાર ખુલશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાયદો પોતાના હાથમાં લેવાની મંજૂરી આપવામાં આવી નથી. સરકાર શ્રદ્ધાળુઓના મંદિર પ્રવેશ માટે તમામ જરૂરી બંદોબસ્ત કરશે. સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશને પડકારવા માટે કેરળ સરકાર સુપ્રીમ કોર્ટમાં કોઈપણ સમીક્ષા અરજી દાખલ કરવાની નથી. મુખ્યપ્રધાન પી. વિજયને કહ્યુ છે કે તેમની સરકાર સુપ્રીમ કોર્ટમાં જણાવી ચુકી છે કે તે કોર્ટના આદેશનું કોઈપણ સંજોગોમાં પાલન કરશે.

સબરીમાલા મંદિરમાં દશથી પચાસ વર્ષની વચ્ચેના વયજૂથવાળી મહિલાઓ જઈ શકે નહીં. તેના માટે લગભગ ત્રીસ જેટલા ધાર્મિક સંગઠનોએ નિલક્કલ અને પંપા ખાતે સબરીમાલા મંદિરના બેસ કેમ્પમાં ડેરો જમાવ્યો છે. મોટાભાગના સંગઠનોનું કહેવું છે કે શાંતિપૂર્ણ રીતે તેઓ વિરોધ કરશે. જ્યારે શિવસેના અને અયપ્પા ધર્મસેનાએ મહિલાઓને કોઈપણ સંજોગોમાં સબરીમાલા મંદિરમાં નહીં જવા દેવા માટેનું મન બનાવ્યું છે. તો ભાજપે પણ વિરોધ માટેની તૈયારીઓ પૂર્ણ કરી છે. ભાજપે માગણી કરી છે કે કેરળની ડાબેરી મોરચાની પી. વિજયનની આગેવાનીવાળી સરકાર સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરે. આ માગણી સાથે સોમવારે તિરુવનંતપુરમમાં એક મોટી વિરોધ રેલી પણ કાઢવામાં આવી હતી.

મલયાલમ માસના પાંચ દિવસ ૧૭ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબર સુધી સબરીમાલા મંદિરમાં પૂજા-અર્ચના ચાલે છે. આ સમયગાળા દરમિયાન રજસ્વલા મહિલાઓનો સબરીમાલા મંદિરમાં પ્રવેશ વર્જિત હોય છે. સુપ્રીમ કોર્ટે આ પરંપરાને પલટતા મહિલાઓને સબરીમાલા મંદિરમાં પ્રવેશની મંજૂરી આપતો ચુકાદો આપ્યો છે. ભાજપ સહીત ઘણાં ધાર્મિક સંગઠનોનું માનવું છે કે આનાથી સદીઓ જૂની પ્રથા સમાપ્ત થઈ જશે અને સબરીમાલા મંદિરની પવિત્રતા જાળવી શકાશે નહીં.

## મહાઆરતી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરબાપ્રેમીઓમાં આઠમની મહાઆરતીનું વિશેષ આકર્ષણ છે. આ વર્ષે તા. ૧૭મી ઓક્ટોબરને બુધવારે યોજાનારી મહાઆરતીમાં લગભગ ૨૫ હજાર જેટલા લોકો ભાગ લેશે એવો અંદાજ છે.

ઘર, ગલી, નગર, તન-મન તણી સ્વચ્છતા અપનાવીએ, સ્વસ્થ રહીએ' એવી ભાવના અને મનોકામના સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમે નવરાત્રી મહોત્સવનું આયોજન કર્યું છે. આ આયોજનને ગાંધીનગરના અને આસપાસના લાખ્ખો લોકો તરફથી પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. www.gcfgandhinagar.com, www.gandhinagarprotal.com y™u www.gandhinagarsamachar.com આ ત્રણ વેબસાઈટ પરથી ગાંધીનગર કલ્ચરલની મહાઆરતીનું લાઈવ વેબકાસ્ટીંગ કરાશે. દેશ-વિદેશમાં રહેતા ગરબાપ્રેમીઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહાઆરતીના દર્શન કરી શકે એવું આયોજન કરાયું છે.

## મહાઅષ્ટમી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિશેષ યજ્ઞનુ આયોજન કરવામાં આવે છે. યજ્ઞમાં આહુતી આપી ભાવિકો ધન્યતા અનુભવે છે. માતાજીનો યજ્ઞ કરી પુણ્ય કર્મ મેળવવા માટે ઉત્સાહભેર માતાજીની ભાવથી પુજા કરે છે. શહેરમાં પણ આઠમ નિમિત્તે માતાજીની મહાઆરતી અને યજ્ઞનુ ઠેર ઠેર આયોજન કરવામાં આવ્યુ છે. માતાજીને દિવ્ય ધુપ કરી મહાઆરતી અને મહાપ્રસાદનુ વિતરણ કરવામાં આવશે. જયારે શેરી ગરબામાં આઠમ નિમિત્તે બાળાપુજન બટુક પુજન સહીતના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. નગરમાં આયોજિત સંસ્થાકીય ગરબા મહોત્સવ અન્વયે પણ મહાઆરતીનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શેરી ગરબામાં પણ માતાજીના યજ્ઞ સહીત મહાઆરતી અને વિશેષ પુજા અર્ચના મહાપ્રસાદની સાથે ગરબાની રમઝટ જામશે. આસુરી શકિત પર દેવી શકિતના વિજયના આ પવિત્ર પર્વના સૌથી વધુ પવિત્ર મહાઅષ્ટમીની ઉજવણીને અનુલક્ષી ભાવિકો ઉત્સુક બન્યા છે.

## ઉંડી તપાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપર્કમાં છે કે કેમ તેમાં પણ તપાસ થઈ રહી છે. ભારતમાં આતંકવાદી ગતિવિધિને અંજામ આપવા માટે આ સંગઠન દ્વારા કોઈ ગતિવિધિ ચલાવવામાં આવી રહી છે કે કેમ તેમાં તપાસ ચાલી રહી છે. ઉટાવડ મામલામાં મુખ્ય આરોપી મોહમ્મદ સલમાન દુબઈની પોતાની બે યાત્રા દરમિયાન પાકિસ્તાની કારોબારી કામરાનના સંપર્કમાં આવ્યો હતો. કામરાન ફલાહએ ઈન્સાનિયત ફાઉન્ડેશનના ડેપ્યુટી ચીફના સંપર્કમાં હતો. આ શખ્સ લશ્કરે તોઈબાના ચીફ હાફીઝ સઈદના સાથી તરીકે હતો જે હવાલા મારફતે ટેરર ફંડ મોકલી રહ્યો હતો. સલમાન ઉપરાંત એનઆઈએ દ્વારા ૨૫મી સપ્ટેમ્બરના દિવસે દિલ્હીમાં બે વધુ હવાલા કુરિયસ મોહમ્મદ સલીમ અને સજ્જાદ અબ્દુલવાનીને પકડી પાડ્યા હતા. સલીમ દિલ્હીના દરિયાગંજમાં અને વાની શ્રીનગરનો નિવાસી છે. શ્રીનગરમાં વાનીના આવાસ પર દરોડા પણ પાડવામાં આવ્યા હતા. પુછપરછ દરમિયાન વાનીએ કહ્યું હતું કે, તે કોઈપણ સ્થિતિમાં હાલ કોઈ ટિપ્પણી કરવા માંગતો નથી. એનઆઈએ દ્વારા લાજપતનગરમાં હિલાલની ઓફિસમાં અને આવાસ ઉપર દરોડા પાડ્યા હતા અને ૧૮ લાખ રૂપિયાની રોકડ રકમ, મોબાઈલ ફોન, સિમકાર્ડ જપ્ત કર્યા હતા. આ ઉપરાંત શંકાસ્પદ દસ્તાવેજો પણ પકડી પાડવામાં આવ્યા હતા. બીજી બાજુ સલમાને પુછપરછમાં કહ્યું હતું કે, સંગઠન તરફથી મળેલા ફંડનો ઉપયોગ ઉટાવડમાં મસ્જિદના નિર્માણમાં કર્યો હતો. એનઆઈએની ટુકડીએ મોડેથી મસ્જિદમાં સર્ચ કરીને દસ્તાવેજોમાં તપાસ કરી હતી જેમાં જાણવા મળ્યું હતું કે, આશરે બેથી અઢી કરોડમાંથી ૭૦ લાખ રૂપિયામાં મસ્જિદનું નિર્માણ થયું હતું. એનઆઈએની ટુકડી આ મોડેસ ઓપરેન્ડીમાં તપાસ કરી રહી છે. તોઈબાની જુદી જુદી ગતિવિધિઓમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા પ્રાથમિક તપાસ થઈ રહી છે.

## કોંગ્રેસને ફટકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના ધારાસભ્ય દયાનંદ સોપ્ટે અને સિરોડા વિધાનસભા ક્ષેત્રમાંથી જીતેલા સુભાષ શિરોડકર સોમવારે રાત્રે દિલ્હી માટે રવાના થયા હતા. કેન્દ્રીયમંત્રી અને ભાજપના નેતા શ્રીપદ નાયક પણ તેમની સાથે હતા. આ બંને કોંગ્રેસી ધારાસભ્યોથી પહેલા ગોવાના આરોગ્યમંત્રી અને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય વિશ્વજીત રાણે પણ દિલ્હી પહોંચ્યા હતા. સુત્રોના કહેવા મુજબ દયાનંદ સોપ્ટેને ભાજપ કોઈ મોટી જવાબદારી સોંપી શકે છે જ્યારે શિરોડકરને ગોવા પ્રવાસ વિભાગ નિગમમાં જગ્યા મળવાની શક્યતા છે. આ પહેલા ગોવા કોંગ્રેસને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કેટલીક સૂચના આપી હતી. કોઈ ખોટા હથકંડા અપનાવીને રાજ્યવિધાનસભાને ભંગ કરવા માટેના પ્રયાસ ન થાય તેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. ગોવા કોંગ્રેસ પ્રદેશ સમિતિના પ્રમુખ ગિરીશે કોવિંદને આ સંદર્ભમાં વાકેફ કરાવ્યા હતા. તેઓએ રાજ્યમાં સરકાર બનાવવાનો દાવો રજૂ કરવાના સંદર્ભમાં રાજ્યપાલ મૃદુલા સિંહાને અનેક વખત માહિતી આપી હતી. ભાજપના અધ્યક્ષ વિનય તેંડુલકરે કહ્યું હતું કે, મનોહર પારીકર મુખ્યમંત્રી તરીકે રહેશે. વિધાનસભા ભંગ કરવામાં આવશે નહીં. કોંગ્રેસના નેતાના દાવાને રાણેએ ફગાવી દીધા છે. મુખ્યમંત્રી પારીકર લાંબા સમયથી અસ્વસ્થ છે. જેના કારણે ગોવામાં રાજકીય હલચલ વધી ગઈ છે. પારીકરના ખાનગી આવાસ ઉપર ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના તબીબ તેમની સારવાર કરી રહ્યા છે. ગોવાની ૪૦ સભ્યોની વિધાનસભામાં પારીકર સરકારને ૨૩ ધારાસભ્યોનું સમર્થન છે. આમાથી ભાજદપના ૧૪ અને જીએફપી અને મહારાષ્ટ્રવાદી ગૌમાંતક પાર્ટીના ત્રણ ત્રણ ધારાસભ્યો છે. ત્રણ ધારાસભ્યો અપક્ષ પણ છે. ગોવામાં ૧૬ ધારાસભ્યોની સાથે કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે છે.